NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડૉ. તિમુર આર. અહલાવત
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

# સંશોધન નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી, ગુજરાત- ૩૯૬૪૫૦

ફોન/ફેક્ષ (ઓ.): ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
**E-mail:** dr@nau.in
**Web Site:** www.nau.in

વંચાણે લીધા : ૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સંનિ/૯૦૦૪-૯૦૨૯/૨૦૨૧ તા.૩૦/૧૦/૨૦૨૧
૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સંનિ/GeM/૩૩૯-૪૦/૨૦૨૬ તા.૦૮/૦૧/૨૦૨૬

**GeM પોર્ટલ દ્વારા વિવિધ ચીજવસ્તુઓ તથા સેવાઓની ખરીદી માં GeM પ્રતિનિધિશ્રી (GeM Point Person) પાસેથી જરૂરી માર્ગદર્શન અને સહાય મેળવવા બાબત...**

### -:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સીટી ખાતે ચાલતી વિવધ વિકાસ ખર્ચ (પ્લાન)/નોન-પ્લાન/આઇસીએઆર/અધર એજન્સી/રીવોલ્વીંગ ફંડ વગેરે યોજનાઓમાં વિવિધ પ્રકાર ની ચીજવસ્તુઓ તથા સેવાઓની ખરીદી માટે Government e-Marketplace (GeM) પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે. GeM પોર્ટલ પર સરકારશ્રી દ્વારા સમયાંતરે નવા નિયમો, પ્રક્રિયાઓ, ફેરફારો, સુધારાઓ તથા અપડેટ્સ સુચવામાં આવતા હોય છે. GeM મારફતે થતી ખરીદીની પ્રક્રિયા નિયમબદ્ધ, પારદર્શક અને કાર્યક્ષમ રીતે થાય તે હેતુસર વંચાણે લીધેલ પત્ર ૨ થી સંબંધિત યુનિટ/સબયુનિટ/કેન્દ્રો ખાતે GeM પ્રતિનિધિની (GeM Point Person) નિમણૂક કરવામાં આવી હતી. આથી, નિમણૂક કરાયેલ GeM પ્રતિનિધિની (GeM Point Person) દ્વારા GeM પોર્ટલ પર ખરીદી ની પ્રક્રિયાઓ, ફેરફારો, સુધારાઓ તથા અત્રેની કચેરી દ્વારા સુચવામાં આવતા અપડેટ્સ તથા સામાન્ય ટેકનિકલ/પ્રક્રિયાત્મક મુશ્કેલીઓ અંગે જરૂરી માર્ગદર્શન આપવાનું રેહશે. તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રી ને GeM સંબંધિત કોઈપણ પ્રશ્ન, પ્રક્રિયાત્મક મૂંઝવણ, ખરીદી પ્રક્રિયા અંગે માર્ગદર્શન અથવા અન્ય સહાયની જરૂરિયાત પડે ત્યારે સૌપ્રથમ સંબંધિત યુનિટ/સબયુનિટ ખાતે નિયુક્ત GeM પ્રતિનિધિની (GeM Point Person) નો સંપર્ક કરવાનો રેહશે.

જો GeM પ્રતિનિધિશ્રી (GeM Point Person) દ્વારા માર્ગદર્શન અને પ્રયત્નો બાદ પણ કોઈ પ્રશ્ન/સમસ્યાનું નિરાકરણ ન આવે, તો સંબંધિત યુનિટ/સબયુનિટ ના નિયુક્ત GeM પ્રતિનિધિશ્રી (GeM Point Person) એ જ આગળની જરૂરી સહાય અને માર્ગદર્શન માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવાનો રેહશે.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/GeM/ ૫૨૭૧ /૨૦૨૬
તા.૧૭.૦૯.૨૦૨૬

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ